# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • સળંગ અંક : ૧૭૧ • તા.૧૮ સપ્ટેમ્બર થી ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૧

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


# શ્રી કચ્છી જૈન સેવા સમાજ અમદાવાદના સંચાલનમાં કે.ડી.ઓ.નો સક્રિય સહભાગ




SAVIOUR®
Performing PPE
Sure Safety
Complete Safety Solutions
COVID-19 OFFER
SPECIAL DISCOUNT
FOR ALL KDO
20% OFF
EN 166
FPSAV-F-SS
COVID-19 Face Shield
NIOSH/EN 149-2001 + A1:2009/FFP2
RPSAV-N95
N-95 Respirator
SITRA Approved
BPSAV-VGS
N-95 Respirator
EN 166
EYSAV-CHS-S
Chemi Splash Small
*Offer Valid till Stocks last!!! at factory Prices.
BOOK YOUR ORDER
DEALERS WANTED
www.suresafety.com
healthcare@suresafety.com | onlinestore@suresafety.com
+91 9974901995 | +91 7229079494



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# પરિવારનો પાયો પિતા

નાનપણમાં સ્કૂલોમાં વિવિધ વિષયો ઉપર નિબંધ લખવાનો લેસન અપાય છે. જેથી આપણી વિચાર શક્તિ ખીલે, ભાષા વૈવિધ્ય થાય અને મનની લાગણીઓ પાનાઓ પર ઉતરાય. આપનારા વિષયોમાં 'મારો દેશ', મારી માતા, મારો પરિવાર, મારી ઈચ્છા, મારું સપનુંએ જ હોય. પણ ક્યારેય મારા પિતા વિષે ક્યારે નિબંધ અપાતો નથી. બહુ બધા લેખો, પુસ્તકો માતા વિષે લખાયા છે પણ પિતા વિષયના પુસ્તકો શા માટે નથી?

માતાની મમતા, માતાનો વ્હાલ અને માતાનો ત્યાગ અનન્ય છે. તેને પરમેશ્વરના બરોબરની ઉપમા અપાઈ છે અને એ તેને લાયક છે. માતાનો પ્યાર બોલકો છે. જ્યારે પિતાનો પ્રેમ મૌન છે, અવ્યક્ત છે. બાળક સમજણું થાય તે ઉંમર સુધી પિતાને રૂબરૂ ઓછું મળે છે. કારણકે બાળક સૂતું ત્યારે પપ્પા કામે નીકળી જાય અને સંતાન રાતે સૂઈ જાય તે બાદ પપ્પા ઘરે પહોંચે. આંખ ખૂલે ને મમ્મી દેખાય, બાળક સૂએ ત્યારે મમ્મી હાજર હોય. આમ ચોવીસ કલાક મમ્મીના સાંનિધ્યમાં સંતાન ઉછેરે છે. એટલે તેની નજદિક હોય એ સહજ છે.

પપ્પા આપણા માટે એવું પાત્ર છે જેની નોંધ ના લેવાઈ હોય કે તેની મહાનતાની સિદ્ધિની કદર ન થઈ હોય. જાણે 'અનસંગ હીરો', એવું કહેવાય છે. કે સ્ત્રીને પુરૂષને ઘરે સંતાનના જન્મની સાથે જ માતા, પિતાનો પણ જન્મ થાય છે. બે વેંતના નવજાત સંતાનને હાથમાં ઉમંગથી તેડનાર પુરૂષ પિતા થાય છે. અને ત્યારથી જ તેનામાં પરિપક્વતા આવી તેનો ત્યાગનો તપ શરૂ થાય છે. જે સંતાનની સફળ કારકીર્દિ સુધી પહોંચીને પૂર્ણ થાય છે.

વહેલી સવારે ઘર છોડી રાત્રે મોડેથી ઘરે પાછો ફરતો પિતા ઠંડુ ટિફિન જમે છે. સંતાનનું ભવિષ્ય ઉજ્જવળ થાય એ માટે પોતાનો વર્તમાન અથાક શ્રમથી કાળું કરે છે. સામાન્ય કપડા પોતે પહેરી સંતાનો અપટૂડેટ રહે એની ફિકર કરે છે. જીન્સ ટી શર્ટ અને પર્ફ્યુમ છાંટી એપલનો આઈપોડ હાથમાં લઈ ફરતો બાળક જે સુંગધ પ્રસરાવે છે. તે હકીકતમાં પિતાના પરસેવાની હોય છે. સંતાનોના શોખ પૂરવા પોતાના શોખનો ભોગ આપે છે. એ આપણા પિતા છે. જોઈતી વસ્તુ માટે માંગણી મમ્મી પાસે ભલે કરીએ પણ એ વસ્તુ મમ્મીને લાવી આપનાર પપ્પા હોય છે.

મમ્મી પોતાનો પ્રેમ છૂટથી વરસાવી શકે છે. એવી રીતે પોતાના આંસુ પણ મોકળા પણે વહેડાવી શકે છે. જ્યારે પપ્પાનો પ્રેમ અંતરથી અવ્યક્ત હોય છે. તેવી રીતે તેમના આંસુ પણ બહાર દેખાતાં નથી. દર્દ, વેદના અને પીડા અંદર અંદર રાખે છે. બહાર બતાવતા નથી. પપ્પા સંતાનોની બધી માંગણી મૂંગે મોઢે પૂરી કરી દે છે.

મમ્મી બાળકને ચાલતા શીખવે છે. જ્યારે પપ્પા તેને દોડતાં કરે છે. માતા તેને જ્ઞાન આપે છે. તો પિતા તેને વિજ્ઞાનથી પરિચય કરાવે છે. માતા વાર્તા કહી તેનું મન બહેલાવે છે. જ્યારે પિતા વ્યવહારની વાસ્તવિકતાથી રૂબરૂ કરાવે છે.

કારાવાસમાં સાત બાળકોને જન્મ આપી તેને ગુમાવી દેનાર દેવકી અઠમા સંતાન રૂપે કૃષ્ણને જન્મ આપે છે. તેને ધોધમાર વરસાદમાં અંધારી રાતે તોફાની પૂરમાં મસ્ત યમુના નદીમાં પિતા જ શિર પર ટોપલીમાં નાનકડા કૃષ્ણને લઈને નંદ અને યશોદાને સુરક્ષિત સોંપનાર બાળકના જનક એવા વાસુદેવ કેમ ભૂલી શકાય?

– જય જ્ઞાતિમૈયા

# ભગ્ન હૃદય, ઘાયલ લાગણીઓનો ઈલાજ

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

કોરોના કાળ ઓચિંતા અણધાર્યો શરૂ થયો અને જનજીવનને ત્રાહિમ પોકારી દીધો. આર્થિક, સામાજિક ધાર્મિક અને સામૂહિક એકેએક પ્રસંગ ઉપર બંધી લાગી, નિયમો લાગુ થયા. નબળા કે ખમતી ઘરોને કાલે શું થશે એની ચિંતા સતાવતી થઈ. કઈકોના ધંધા બંધ થઈ ગયા કે બદલાઈ ગયા. પરિવારના સભ્યો ઓછા થઈ ગયા. ઘરમાં રહી કંટાળેલા કેટલાય કુટુંબોમાં મતભેદ. મનભેદ કજિયા કંકાસના બીજ વવાઈ ગયા. હેત પ્રેમને સ્નેહની લાગણીના ઝરણા સૂકાઈ વેરાન પર થયા. અલગ અલગ બીમારીઓથી ગ્રસ્ત અનેક જણ ડિપ્રેશનના દર્દી થઈ ગયા. ઘણાં તો કોરોનાની અસર થશે તો શું થશે એ કાલ્પિનક ભય દિમાગમાં ભરી જીવન ટૂંકાવી દીધું. આ ઉપરાંત આવી અનેક અકલ્પેલી આડ અસરો કોરોનાએ છેલ્લા દોઢ વર્ષમાં આપણી ઉપર થોપી છે અને આપણે ના છૂટકે સહન કરી છે ભોગવી છે.

માનવી સામાજિક પ્રાણી છે. જે સમાજની વચ્ચે રહે છે, પાંગરે છે. તેનું જીવન પરસ્પર લાગણી, સંબંધ, હૂંફ મદદ અને સુખ, દુઃખમાં સાથ આપવાની ભાવના જેવા સામાજિક તાણાવાણાથી ગૂંથાયેલું છે. કોરોના નામના કાળમૂખા દૈત્ય એ માનવી માનવી વચ્ચેના ગૂંથાયેલા તાણા વાણામાં ઘરમૂળથી ફેરબદલ કરી નાંખ્યા છે. માનવી માનવી વચ્ચેના સામાજિક સંબંધો, સામાજિક પ્રસંગો, ઉત્સવો, પરંપરા ગત રીતે રિવાજો અને વડીલોની વારસાગત પ્રથાઓ આ મહામારીને કારણે ખોરવાઈ ગઈ છે. કોરોના એક પછી બીજી લહેર એ જનજીવન પર ખૂબજ ગંભીર અસરો પહોંચાડી છે. તો હજી ત્રીજી લહેરનો હજી ભય માથા ઉપર ઝંબૂળે છે.

પણ, હાશ તે છતાં ફરીથી અનલોક તરફ આગળ વધી જનજીવન થાળે પડી રહ્યું છે. માર ખાધેલ માનવીઓ ફરી બેઠા થઈ રહ્યાં છે. સ્વસ્થતા ધારણ કરી ફરીથી સર્વે પોતપોતાના વ્યવહારમાં પુનઃસક્રિય થઈ રહ્યાં છે. પાછળની યાદો ભૂલાવી ઉજ્જ્વળ ભવિષ્ય તરફ મીટ માંડી ફરી જીવન જીવવા કટિબધ્ધ થઈ રહ્યાં છે.

માનવી માનવી વચ્ચેના લાગણી, હેતના અતૂટ સંબંધોમાં જે લોક ડાઉન થયું છે તેને અનલોક થતાં હજુ ઘણો સમય નીકળી જશે. તેના મન પર પડેલા ઊંડા જખમો પર રૂઝ આવશે તેને સમય લાગી જશે ત્યાં સુધી માનવજીવન પહેલાં જેવું ધબકતું તો નહીં જ થાય. અત્યારે માનવીની ઘવાયેલી લાગણીઓ અને સંવેદનાઓનું ઓક્સિજન લેવલ ખૂબજ નીચા સ્તર પર છે. તેને યોગ્ય લેવમાં લાવવા માટે પરસ્પરની હૂંફ રૂપી જીવન આવશ્યક દવા અને પ્રેમરૂપી આઈસીયુની જરૂર છે. એની વ્યવસ્થા જલ્દીથી આપણે કરીએ.


## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ અમદાવાદના સંચાલનમાં કે.ડી.ઓ.નો સક્રિય સહભાગ

કચ્છ ના મુખ્ય ૪ જૈન ફિરકાઓ દ્વારા સહિયારી ચલાવવામાં આવતી non-profit organisation સંસ્થા છે.

શ્રી કચ્છી દશા ઓશવાલ, શ્રી કચ્છી વીશા ઓશવાલ, ગુર્જર જૈન (દશા અને વિશા) અને વાગડ જૈન (બે ચોવીસી અને સાત ચોવીસી) બધાના ભેગા થઈ કચ્છી જૈનના લગભગ ૧૦૦૦ પરિવારો છે.

**શ્રી કચ્છી જૈન સમાજની મુખ્ય પ્રવૃતિઓ**

(૧) જરૂરિયાતમંદ પરિવારો અને મધ્યમવર્ગ ના લોકો ને ખુબજ વ્યાજબી ફી દ્વારા તબીબી સહાય પૂરી પાડે છે. તેના માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ ના નેજા હેઠળ પાલડી (શહેર ના મધ્ય) અને બોપલ વિસ્તાર માં આવા ૨ મેડિકલ સેન્ટર પ્રવૃત્ત છે જ્યાં લગભગ દરેક વિભાગ ના નિષ્ણાંત ડોકટરો (MD) સેવા આપે છે. આ ઉપરાંત નજીવી કિંમતે બ્લડ રિપોર્ટ, સોનોગ્રાફી, એક્સરે અને બીજા ઘણા રિપોર્ટ ની સુવિધા પૂરી પાડવામાં આવે છે.

(૨) કચ્છી સમાજ ના બહારગામથી આવતા લોકો ને શહેર ના મધ્ય માં અને એસ. ટી બસ સ્ટેન્ડ અને રેલ્વે સ્ટેશન ની નજીક ખૂબ નજીવા ભાડે રહેવાની સુવિધા પૂરી પાડે છે.

(૩) કચ્છ અને અન્ય બહારગામ થી અમદાવાદ ની સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે આવતાં દર્દીઓ ની સાથે આવતાં પરિવારજનો માટે સિવિલ હોસ્પિટલ ની  નજીક રહેવા ની અને જમવાની સગવડ પૂરી પાડવા શાહીબાગ વિસ્તારમાં કચ્છી ભવન બનાવેલ છે. જ્યાં ૨૪ કલાક નું ભાડું ફક્ત રૂ. ૧૦૦ જેટલુ નજીવું છે. એ જ કચ્છી ભવન માં દરેક સમાજ ના લોકો માટે ખૂબ જ નજીવી કિંમતે ડાયાલિસિસ સેન્ટર પણ ચલાવવા માં આવે છે.

(૪) બીજું ડાયાલિસિસ સેન્ટર ગીતા મંદિર વાળા કચ્છી ભવન માં ટૂંકમાં શરૂ થવા જઇ રહ્યું છે.

(૫) આની સાથે વિદ્યાર્થીઓ ના સર્વાંગી વિકાસ માટે બહુ ઉપયોગી માર્ગદર્શન મળી શકે એ ધ્યાનમાં રાખી વર્કશોપ નાં આયોજન કરવામાં આવે છે.

(૬) શ્રી કચ્છી જૈન સેવા સમાજ દ્વારા સમાજ ના જરૂરિયાત વાળા પરિવારો માટે શહેર ના મધ્ય માં 1BHK નાં ૪૦ ઘરો ફાળવવામાં આવ્યા છે. અને બીજા જરૂરિયાતમંદ લોકો માટે સર્વે કરવામાં આવી રહ્યો છે અને ટૂંક સમય માં યોજના બહાર પાડવામાં આવશે.

(૭) આ સિવાય પણ સમાજ ના દરેક વ્યક્તિ ની સામાજિક જરૂરિયાત મુજબ ૩૦ થી વધુ સમિતિઓ કાર્યરત છે. જેમાં મુખ્ય છે યુવા વિકાસ સમિતિ, વયસ્ક સમિતિ, મેરેજ બ્યુરો સમિતિ, પુરસ્કાર સમિતિ, કલ્ચરલ સમિતિ, બાળ કલ્યાણ સમિતિ, મેડિકલ સમિતિ, દર્દી સેવા સમિતિ, વૈયા વચ્ચ સમિતિ વગેરે જેવી સમિતિઓ પૂર્ણ રૂપે થી કાર્યરત છે.

વિશેષમાં ઘણા બધા જરૂરિયાતમંદ પરિવારો ને સાધર્મિક સહાય દર મહિને સુવ્યવસ્થિત રીતે આપવામાં આવે છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ, અમદાવાદ ની સંસ્થામાં શ્રી કેડીઓ મહાજન અમદાવાદ ના મહાનુભાવો તેમજ યુવા ખૂબ જ સક્રિય છે.

શ્રી પ્રતાપભાઈ દંડ,પ્રમુખશ્રી
શ્રી ચંદ્રકાંતભાઈ પોલડીયા (કે.ડી.શાહ) ખજાનચીશ્રી
શ્રી દિલીપભાઈ દંડ ટ્રસ્ટીશ્રી
શ્રી હિરેનભાઈ નાગડા ટ્રસ્ટીશ્રી

કારોબારી સભ્યો
શ્રી રાજેશ ધરમશી
શ્રી દેવેશ દંડ

વિવિધ સમિતિના સક્રિય કાર્યકર્તા
શ્રી વિમલેશભાઈ લોડાયા
શ્રી જયદીપ મૈશેરી
શ્રી નિરંજનભાઈ મૈશેરી



॥ શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ ॥

# શ્રી સુથરી જૈન સંઘ – સુથરી

## સંવત ૨૦૭૭ પર્યુષણ પર્વ દરમ્યાન ૧૪ સ્વપ્નોના લાભાર્થીઓ

**મોક્ષની બારી ખોલવાનું :** મા.કુંવરબાઈ વિશનજી માયાભાઈ મોતા પરિવાર
**૧૪ સ્વપ્ના ઝુલાવવાનું :** મા. ધનબાઈ ઉમરશી રામૈયા પરિવારર

**શ્રી ગજ :** શ્રી રતનશી ખીંચશી ખોના
**વૃષભ :** મા. જવેરીબાઈ શામજી ખીંચશી દંડ
**કેસરી સિંહ :** મા.રાજબાઈ નરશી છેડા-સાંગલી
**લક્ષ્મી :** શ્રીમતી રંજનાબેન દીનેશચંદ્ર કુંવરજી આશારીયા-સાયલા
**ફુલની માળા :** શ્રીમતી કલ્પનાબેન તરૂણ ધરમશી
**ચંદ્ર :** મા.મીઠીબાઈ રાયમલ નાગશી મોમાયા
**સુરજ :** શ્રી રતનશી ખીંચશી ખોના
**ઈન્દ્રધ્વજા :** મા.ભમલબાઈ પદમશી પુંજાભાઈ પીર
**કળશ :** મા.બાયાબાઈ નરસી ભોજરાજ છેડા
**પદ્મસરોવર :** મા.વિજયાબેન વેરશી માયાભાઈ મોતા
**વહાણ :** મા.હીરાબાઈ હંસરાજ નરશી મોમાયા તથા મા.વિજયાબાઈ વેરશી માયાભાઈ મોતા
**દેવવિમાન :** શ્રી રતનશી ખીંચશી ખોના
**રત્નની રાશી :** શ્રીમતી રંજનાબેન દિનેશચંદ્ર કુંવરજી આશારીયા સાયલા
**અગ્નિ શિખા :** શ્રીમતી જસ્માબેન કીશોર છેડાની પુત્રીઓ માનસી, સેજલ, દર્શના

**પારણું પધરાવવાનું :** મા.ભમલબાઈ પદમશી પુંજાભાઈ પીર પરિવાર
**પારણું ઝુલાવવાનું :** મા. તારાબાઈ લહેરચંદ શીવજી નાગડા ઘાટકોપર પરિવાર
પર્યુષણ દરમ્યાન ધૃત મણ ટોટલ ૨,૦૯,૩૬૧

## શ્રી સુથરી પાંજરાપોળ માટે જીવદયા ફંડમાં દાન આપનાર ભાગ્યશાળીઓ.....

| | |
|---|---|
| માતુશ્રી બાંયાબાઈ નરશી ભોજરાજ છેડા પરિવાર તથા તેમની સુપૂત્રિઓ-પ્રપૌત્રીઓ (નીરૂબેન,જયાબેન,વીણાબેન, ભાવનાબેન,હંસાબેન, કાનન,અસ્મિતા,ખ્યાતિ) | ૫૫,૦૦૦ |
| માતુશ્રી જમકુબાઈ પદમશી આણંદજી લોડાયા હસ્તે ઈલોરા રાજીવ ભવાનજી લોડાયા(યુએસએ) | ૫૧,૦૦૦ |
| શ્રી કુંવરજી કરમશી તાલપત્રીવાલા,મુંબઈ. | ૫૦,૦૦૦ |
| માતુશ્રી સોનલબેન રાયચંદ હંસરાજ ધરમશી | ૨૫,૦૦૦ |
| શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ,મુંબઈ | ૨૫,૦૦૦ |
| શ્રી રવિભાઈ સંગોઈ | ૨૫,૦૦૦ |
| શ્રી હરીઓમ સંત આશારામ બાપુના ભક્ત, હ.મહેશ લોડાયા | ૨૫,૦૦૧ |
| શ્રી ભૂપેન્દ્ર આણંદજી કુરપાર ધરમશી | ૨૧,૦૦૦ |
| માતુશ્રી રતનબાઈ નરશી દેવણાંધ ધરમશી તથા કસ્તુરીબાઈ વિશનજી ધરમશી | ૧૧,૦૦૦ |
| શાહ બાબુલાલ મણિલાલ કડીવાલા ચેરીટેબલ ટ્રસ્ટ | ૧૨,૦૦૦ |
| માતુશ્રી મીઠીબાઈ રાયમલ નાગશી મોમાયા | ૧૧,૧૧૧ |
| S.P.M.,ગ્રુપ,ચેમ્બુર | ૧૧,૦૦૦ |
| માતુશ્રી સોનબાઈ કલ્યાણજી મણશી ધરમશી | ૧૧,૦૦૦ |
| માતુશ્રી કુંવરબાઈ લક્ષ્મીચંદ મણશી ધરમશી | ૧૧,૦૦૦ |
| માતુશ્રી ઝવેરીબાઈ શામજી ખીયશી દંડ પરિવાર | ૧૧,૦૦૦ |
| અ.સૌ.વિમલાબાઈ માણેકજી નેણશી દંડ, બાયઠ | ૧૧,૦૦૦ |
| શ્રી રાયચંદ રતનશી કારાણી, પરિવાર | ૧૧,૧૧૧ |
| શ્રી અંબે મા ધરમશી પરિવાર | ૧૧,૦૦૦ |
| ત્રિશલા કિટી ગ્રુપ, મુલુંડ | ૫,૦૦૧ |
| માતુશ્રી હીરાબાઈ હંસરાજ નરશી મોમાયા | ૫,૦૦૧ |
| માતુશ્રી વિજયાબેન વેરશી માયાભાઈ મોતા | ૫,૦૦૧ |
| શ્રી ખીમજી નરશી મોતા | ૫,૦૦૧ |

# ॐ શ્રી સુથરી જૈન સંઘ – સુથરી ॐ

| | |
|---|---|
| માતુશ્રી મુરબાઇ રામજી ધૂલ્લા | ૫,૦૦૧ |
| શ્રીમતી ચિત્રાબેન રમેશ લાલજી ધરમશી | ૫,૦૦૧ |
| માતુશ્રી કુંવરબાઇ ઉમરશી ઘેલાભાઈ છેડા પરિવાર | ૨,૫૦૧ |
| માતુશ્રી કસ્તુરીબાઈ જીવરાજ ધરમશી પરિવાર | ૨,૫૦૧ |
| અ.સૌ. નીનાબેન નીતિન સાયલા (નીતિન સાયલાના જન્મદિન નિમિત્તે) | ૨,૧૦૦ |
| શ્રીમતી હીનાબેન મધુકાંત લોડાયા | ૩,૨૩૨ |
| સ્વ.કોકિલાબેન વાલજી લાલજી જેવત ધરમશી | ૧,૧૧૧ |
| માતુશ્રી સુશીલાબાઈ વિશનજી પોલડીયા | ૧,૧૧૧ |
| શ્રીમતી વિમલાબાઇ થોભણ લોડાયા, કલિકટ | ૧,૧૦૦ |
| માતુશ્રી વિજયાબેન મૂલજી જેવત ધરમશી | ૧,૧૦૦ |
| વિક્રમ મધુરી બેન કાતીલાલ મોતા તેરા | ૧૧૦૦ |
| સ્વ.મુરજી પદમશી ઉડિયા | ૧,૦૦૧ |
| માતુશ્રી ધનબાઈ ઉમરશી ધરમશી ની સુપુત્રીઓ (વાસંતી, પુષ્પા, પ્રવિણા) | ૧,૦૦૧ |
| દિનેશચંદ્ર કુંવરજી આસારિયા સાયલા | ૧,૦૦૧ |
| માતુશ્રી નવલબાઈ વીરચંદ દંડ, છાદુરા - સુરત | ૧,૦૦૧ |
| કુ. અંતરા ધૈર્ય રમેશ લોડાયા | ૧,૦૦૦ |
| શ્રીમતી કાંતાબેન મુલચંદ મોમાયા | ૫૦૧ |
| શ્રીમતી શોભા રમેશ દામજી છેડા | ૫૦૧ |
| માતુશ્રી કસ્તુરીબાઇ નવીનચંદ લોડાયા | ૫૦૦ |
| માતુશ્રી નવલબાઈ રતનશી લોડાયા | ૫૦૦ |
| લક્ષ્મીચંદ લાલજી ધરમશી | ૫૦૧ |
| વિશાલ લક્ષ્મીચંદ ધરમશી | ૫૦૧ |
| અ.સૌ. દર્શના વિશાલ ધરમશી | ૫૦૧ |
| કુ. તીર્થા વિશાલ ધરમશી | ૫૦૧ |
| કુ. કૃપાલી વિશાલ ધરમશી | ૫૦૧ |
| શ્રીમતી મંજુલાબેન હીરાચંદ દંડ હસ્તે લક્ષ્મીચંદ | ૫૦૧ |
| રતનબાઈ ખીમજી પટેલ | ૨૫૦ |
| લક્ષ્મીચંદ રતનશી મોમાયા | ૧૦૦ |

**તપસ્વીઓ દ્વારા તપના બહુમાન ની સંપૂર્ણ રકમ જીવદયા માટે સંઘને અર્પણ કરાયેલ છે**

| | |
|---|---|
| રમેશ હીરજી લોડાયા | ૧૨,૫૦૦ |
| શ્રી વાલજી લાલજી જેવત ધરમશી | ૨,૧૭૩ |
| કુ.પૂર્ણિમા વાલજી ધરમશી | ૧,૦૭૯ |
| શ્રીમતી તારાબેન મહેન્દ્ર પીર | ૭૭૨ |

સર્વે દાનેશ્વરી, ભાગ્યશાળી પરિવારોની હાર્દિક અનુમોદના, આપ પણ આવા સુકૃત કાર્ય માટે આપનો ફાળો/દાન નીચેના સભ્યોને સંપર્ક કરી વહેલી તકે નોંધાવશો જ એવી અભ્યર્થના....

દાનની રકમ ઈન્કમ ટેક્સમાં ૮૦-જી હેઠળ કર માફ છે.
આપનો અનુદાન ''શ્રી સુથરી પાંજરાપોળ''ના નામનો મોકલશો.

**બેંક વિગત :- SHREE SUTHRI PANJRAPOLE**
**Bank of Baroda - Kalina Br. New S.B. A/c No. 99460100003798**
**IFSC : BARB0DBKALI**

**દાન માટે સંપર્ક :-**

**કિર્તીભાઈ-98331 52695, વર્ધમાન-98335 85280, જીજ્ઞેશ છેડા-97262 13827**

**લિ.સુથરી જૈન સંઘ, ટ્રસ્ટીઓ**

# મુંબઈમાં ચાતુર્માસાર્થે બિરાજમાન અચલગચ્છના સાધુ-સાધ્વીજીઓને વેક્સિનેશન આપવાનું આયોજન

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ, શ્રી અનંતનાથ ટ્રસ્ટ અને શેઠશ્રી નરશી નાથા મેડિકલ ટ્રસ્ટ દ્વારા જ્યુપિટર હૉસ્પિટલ થાણાના સહયોગથી મુંબઈમાં ચાતુર્માસાર્થે બિરાજમાન અચલગચ્છના સાધુ-સાધ્વીજીઓને કોરોના વેક્સિન લેવાની ઈચ્છા હોય તો શ્રી અખિલ ભારતના પત્ર પ્રમાણે સાથે આપેલ. રિક્વેસ્ટ લેટર મધ્યે વિગતો ભરી નીચે લખેલ નંબર પર સંપર્ક કરી ત્વરિત વિગત મોકલવી.

સાધુ-સાધ્વીજી ભગવંત પાસે આધાર કાર્ડ ન હોવાથી આપણને તેની સ્પેશિયલ પરમિશન લેવાની અને રૂટ નક્કી કરવાનું હોવાથી આપશ્રી તા.૨૦ સપ્ટેમ્બર પહેલા નીચે લખેલ નંબર ઉપર સંપર્ક કરી જલ્દીથી વિગત મોકલશોજી. જેથી તુરંત જ તે પ્રમાણેનું યોગ્ય પ્લાનિંગ થઈ શકે. એ મુજબની સુચના શેઠશ્રી નરશી નાથા મેડિકલ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી કુમારભાઈ બાબુભાઈ દંડ દ્વારા અપાઈ છે. ફોન : ૯૩૨૨૬ ૮૦૦૦૮ તથા ૯૯૨૦૯ ૩૫૪૧૪ (વોટ્સએપ નંબર).


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા


## 卐 શ્રી સુથરી જૈન સંઘ - સુથરી 卐

શ્રી ઘૃતકલ્લોલ દાદાની અસીમ કૃપાએ શ્રી સુથરી તીર્થે મહાપર્વાધિરાજ પર્યુષણ પર્વની ઉજવણી માટે શ્રી સુથરી સંઘની પર્વ દરમ્યાન ૯ દિવસની સાધાર્મિક ભક્તિની ટહેલને ત્વરિત પૂર્ણ કરાયેલ તેમ જ કાયમી સાધારણ ફંડ, ચાર્તુમાસ ફંડ તથા સર્વ સાધારણ ફંડ માટે અપીલ કરાતાં દાનેશ્વરી દાતા પરિવારો દ્વારા આવેલ દાનની યાદી..

**કાયમી સાધારણ ફંડ : આ વર્ષે દાતાઓ દ્વારા આવેલ**
**૧૧ આની (૧ આની= ૧૧,૦૦૦)**

શેઠશ્રી રતનશી ખીંયશી ખોના
હ.અ.સૌ.રશ્મી કૌશિક ચંદ્રહાસ ખોના
માતુશ્રી માનબાઈ હીરજી લાલજી લાપસિયા પરિવાર
માતુશ્રી વેજબાઈ વીરમ લધાભાઈ લોડાયા પરિવાર

**ચાતુર્માસ આધાર સ્તંભ**

| | |
|---|---|
| માતુશ્રી બાંયાબાઈ નરશી ભોજરાજ છેડા પરિવાર | ૧૧,૦૦૧ |
| માતુશ્રી બાંયાબાઈ નરશી ભોજરાજ છેડાની સુપૂત્રિઓ- પ્રપૌત્રીઓ (નીરૂબેન,જયાબેન,વીણાબેન, ભાવનાબેન,હંસાબેન, કાનન,અસ્મિતા,ખ્યાતિ) | ૪૦,૦૦૦ |
| માતુશ્રી સોનલબેન રાયચંદ હંસરાજ ધરમશી | ૨૫,૦૦૦ |
| માતુશ્રી હીરાબાઈ હંસરાજ નરશી મોમાયા | ૧૧,૦૦૧ |
| માતુશ્રી વિજયાબેન વેરશી માયાભાઈ મોતા | ૧૧,૦૦૧ |

**સર્વ સાધારણ**

| | |
|---|---|
| માતુશ્રી હેમલતાબેન પ્રતાપ ગોવિંદજી લોડાયા પરિવાર | ૫,૦૦૧ |
| માતુશ્રી મુરબાઈ રામજી ધુલ્લા પરિવાર | ૫,૦૦૧ |
| શ્રીમતી સરોજબેન રાજેન્દ્ર મણિલાલ ખોના | ૫,૦૦૦ |
| શ્રીમતી ચિત્રાબેન રમેશ લાલજી ધરમશી | ૫,૦૦૧ |
| માતુશ્રી કુંવરબાઇ ઉમરશી ઘેલાભાઈ છેડા | ૨,૫૦૧ |
| શ્રીમતી સુશીલાબાઈ વિશનજી પોલડીયા | ૧,૧૧૧ |
| શ્રી પિંકલ અશ્વિન શાહ હસ્તે પ્રવીણા | ૧,૫૦૦ |
| માતુશ્રી હીરબાઇ લાલજી જેવત ધરમશી | ૧,૧૧૧ |
| સ્વ.મુરજી પદમશી ઉડિયા | ૧,૦૦૧ |
| સ્વ.શ્રી શૈલેષ મણિલાલ મોમાયા હ. વાસંતી | ૧,૦૦૧ |
| શ્રી રમેશ હીરજી લોડાયા | ૧,૦૦૦ |
| કાંતાબેન મૂલચંદ મોમાયા | ૫૦૧ |
| માતુશ્રી રતનબેન ખીમજી પટેલ પરિવાર | ૫૦૦ |
| માતુશ્રી નવલબાઈ રતનશી લોડાયા પરિવાર | ૫૦૦ |
| રબમિતસિંઘ મનજીત સિંઘ ચાવલા | ૫૦૦ |
| શ્રી લક્ષ્મીચંદ રતનશી મોમાયા | ૧૦૦ |

સર્વે દાતાઓની શ્રી સુથરી સંઘ દ્વારા હાર્દિક અનુમોદના

**લિ.સુથરી જૈન સંઘ, ટ્રસ્ટીઓ**

## દક્ષિણ ભારતના તિરૂપુર નગરે પારણા શોભાયાત્રા ઉત્સાહભેરના માહોલમાં થઈ





દક્ષિણ ભારતના તામિલનાડુ રાજ્યના ઔદ્યોગિક શહેર તિરૂપુર નગર સંઘમાં શ્રી સુવિધિનાથ દેરાસરથી પારણાજીની શોભાયાત્રા ઉત્સાહભેર માહોલમાં થઈ હતી.

---

## ભાંડુપ સંઘમાં પાંચમના દિવસે મુસ્લિમ બંધુઓએ માંસાહાર દુકાનની પાંખી પાળી





આધ્યાત્મયોગી પ.પૂ.મુનિરાજ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. અને ઓજસ્વી યુવા પ્રવચનકાર પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ની શુભનિશ્રામાં ભાંડુપ નગર સંઘમાં પર્યુષણ પર્વના કર્તવ્ય રૂપે રાજેશભાઈ લોડાયાની પ્રેરણાથી ભાંડુપના મુસ્લિમ બંધુએ પાંચમના દિવસે પોતાની માંસાહારની પાંચ દુકાન બંધ રાખી મ.સા.ના આશીર્વાદ લીધા.

---

## માંડવી બંદરના શિવમસ્તુ તીર્થે બાવન દેરીનો ત્રીજો ધ્વજા મહોત્સવનું તા.૧૨ ડિસે. ૨૦૨૧ના રોજે આયોજન

કચ્છ જિલ્લાના બંદરીય શહેર માંડવી પરિસરના શિવમસ્તુ તીર્થ બાવન દેરીનો ત્રીજો ધ્વજા મહોત્સવ તા.૧૨ ડિસેમ્બર રવિવારના વહેલી સવારથી બપોરે ૩ વાગ્યા સુધી દરમ્યાન ધામધૂમથી ઉજવાશે.

ઉપરાંત કાર્યક્રમ માટે પંચવર્ષીય યોજનામાં જે નવા દાતાઓ બન્યા છે એ દાતા પરિવારને પધારવા સપ્રેમ ભાવભર્યા આમંત્રણ સાથે કાર્યક્રમના તારીખની જાણકારી આપી છે.

આ પ્રમાણે મુંબઈવાસી દાતાશ્રીઓએ ટિકિટની વ્યવસ્થા અગાઉથી ગોઠવી લેવી. આગલા દિવસે આવી જનારે અગાઉથી મો.નં.૯૮૭૯૩૪૮૨૩૫ અથવા ૮૭૫૮૧૫૯૩૮૭ ઉપર જાણ કરવા નમ્ર વિનંતી વ્યવસ્થાપકો દ્વારા વિનંતી છે.

# શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમમાં વિદ્યાર્થીઓની આયંબિલ તપ આરાધના





પ.પૂ.મુનિશ્રી હીંકારસાગરજી મ.સા.ની ૯૯ ઓળી દરમ્યાન સોનગઢના શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમમાં વિદ્યાર્થીઓએ આયંબિલની આરાધના તા.૧ ઓગસ્ટથી તા.૨૧ ઓગસ્ટ સુધી થઈ. આયંબિલનો ખર્ચ તથા પ્રભાવના માતુશ્રી તારાબેન લહેરચંદભાઈ નાગડા પરિવારે સંપૂર્ણ આયંબિલનો લાભ લીધેલ. નાગડા પરિવારનો રત્નાશ્રમ પરિવાર તરફથી ખૂબ ખૂબ અનુમોદના કરાઈ હતી.

શ્રી વર્ધમાન તપ આયંબિલની ૧૦મી ઓળી કરનાર વિદ્યાર્થી તપસ્વી ફેનિલ શાહ ધોરણ-૯નું બહુમાન પ્રભાવનાના લાભાર્થી માતુશ્રી તારાબેન લહેરચંદ નાગડા નલિયા દ્વારા કરાયું

# ભુજમાં વિમલનાથ દાદાના સાંનિધ્યમાં તપસ્વીઓનો બહુમાન સમારોહ યોજાયો





કચ્છ પ્રદેશના ઐતિહાસિક પાટનગર ભુજ નગરના પરિસરમાં ભુજોડી પાસેના ભુજ સંઘના વિમલનાથ દાદાના સાંનિધ્યમાં અજોડ શાસન પ્રભાવક ૨૧મા વર્ષીતપના તપોનિધિ, સૂરિમંત્ર, પંચ પ્રસ્થાન સાધક પ.પૂ.આ.ભ.શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં પર્વાધિરાજ પર્યુષણ દરમ્યાન ભવ્ય તપશ્ચર્યાઓ થઈ. જેમાં માસખમણ ૧, ૧૧ ઉપવાસ ૨, ૯ ઉપવાસ ૩, ૮ ઉપવાસ ૨૪ તપસ્વીઓએ કર્યા.

સંગીતકારોના સંગાથે સર્વે તપસ્વીઓનો ભવ્ય બહુમાન સમારોહ કરાયો અને અઢળક ભાવે અનુમોદના કરાઈ હતી.

# મનિષા શાહ (પોલડીયા), એડવોકેટ મિનલ ભરત ખોના અને ટીના ધરમશીને ડૉ.સરોજીની નાયડુ ઈન્ટરનેશનલ એવોર્ડથી સન્માનિત







ઈન્ટરનેશનલ ચેમ્બર ઓફ મિડીયા એન્ડ એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રીઝ અને ઈન્ટરનેશનલ વિમેન્સ ફિલ્મ ફોરમ દ્વારા પાંચમો ડૉ.સરોજીની નાયડુ (ધ નીઈટિંગલ ઓફ ઈન્ડિયા) ઈન્ટરનેશનલ એવોર્ડ વર્કિંગ વુમન્સ ૨૦૨૧ તા.૧૫ સપ્ટેમ્બર ૨૦૨૧ અપાયા. આ એવોર્ડ મેળવનારમાં સમસ્ત મહાજનના ટ્રસ્ટી અને મેડિકલ સમિતિના ચેરમેન મનિષા શાહ (પોલડીયા) ચીફ એચ.આર.જ્યુપીટર હૉસ્પિટલ થાણા, સમસ્ત મહાજનની નારી સશક્તિ સમિતિના ચેરમેન અને હાઈકોર્ટ એડવોકેટ મીનલ ભરત ખોના નવી મુંબઈ અને જાણીતા આર્કિટેક ટીના ધરમશીનો સમાવેશ છે.

વર્કિંગ વુમન તરીકે મનિષાબેન, મીનલબેન અને ટીનાબેન એ પોતપોતાના ક્ષેત્રમાં આગળ વધી સારું નામ અને પ્રતિષ્ઠા મેળવ્યા છે સાથોસાથ સમાજ ક્ષેત્રે સેવાના કાર્યો દ્વારા જ્ઞાતિનું ઋણ અદા કરવામાં અગ્ર ભાગ ભજવ્યો છે.

આ માન સન્માન મેળવવા બદલ મનિષાબેન શાહ(પોલડીયા), મીનલબેન ખોના અને ટીના ધરમશીને અભિનંદનની નવાજેશ સાથે હજી ભવિષ્યમાં ઉચ્ચતમ શિખરો સર કરો એ શુભેચ્છા



# શ્રી અખિલ ભારત અચલગચ્છ(વિધિપક્ષ) શ્વેતામ્બર જૈન સંઘ દ્વારા સામૂહિક અઠમ તપનું આયોજન

શ્રી અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ શ્વેતામ્બર જૈન સંઘ દ્વારા શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ની ૩૩મી પૂણ્યતિથિએ મંગળવાર તા.૫ ઓક્ટોબરથી તા.૭ ઓક્ટોબર ગુરૂવાર ભાદરવા વદ અમાસથી આસો સુદ બીજ સુધી સામૂહિક અઠમ તપનું આયોજન કરાયું છે.

આપણા સહુના પરમ ઉપકારી ગુરૂગુણ ઋણ અદા કરવા બહોળી સંખ્યામાં આ અઠમ તપમાં જોડાવવા વિનંતી. આ માટે આપના નામ આપ જે સંઘમાં આરાધના કરતા હો તે સંઘમાં લખાવવા પૂજ્યશ્રીઓ તથા શ્રી સંઘો-મહાજનોને નમ્ર વિનંતી કે વધુમાં વધુ તપસ્વીઓને જોડાવવા પ્રેરણા કરશોજી. તપસ્વીઓના નામ આપશ્રીના શ્રી સંઘાના લેટર પેડ ઉપર લખી તા.૬ ઓક્ટોબર સાંજ સુધી મોબાઈલ - ૭૦૨૦૪૨૫૮૩૫ ઉપર વોટ્સએપ કરવા વિનંતી.

અઠમ તપના પ્રભાવનાના લાભાર્થી શ્રી અચલગચ્છ જૈન સંઘ, મુલુંડ-પૂર્વ.

---

## શુભેચ્છા... અભિનંદન...




દિયા પ્રિતેશ (જૈન) દંડ

**સંત કબીર સ્કુલ**
**અમદાવાદમાં**
**ધોરણ ૪ માં અભ્યાસ કરતી**
**દિયા દંડને**
**OLMPIED EXAM 2020-21**
**EXCELLENCE IN ENGLISH માં**
**ત્રીજા ક્રમાંકે ઉત્તિર્ણ થઈ**
**ગોલ્ડ મેડલ મેળવવા બદલ**
**ખૂબ ખૂબ અભિનંદન**
**તથા શુભેચ્છા...**



**દાદીદાદા માતુશ્રી ગુણવંતી ગુલાબભાઈ દંડ પરિવાર**
**અમદાવાદ**

# હુબલી મધ્યે પર્યુષણ મહાપર્વની આરાધનાઓ ભવ્યતાથી થઈ




શ્રી ક.દ.ઓ. જૈન મહાજન હુબલીના વિનંતી સ્વીકારી અત્રેના મરૂધર સંઘમાં પધારેલ આચાર્ય દેવ શ્રી વિજયઅજિતશેખરસૂરિશ્વરજી મ.સા.ના શિષ્ય મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા.ના સાંનિધ્યમાં પર્યુષણ પર્વ ખૂબજ ઉલ્હાસમય વાતાવરણમાં પરિપૂર્ણ થયાં. પર્વ દરમ્યાન કલ્પસૂત્ર ઘૃતમણ ૧૨૫માં કેડીઓ રેસિડેન્સીના ભાવિકોએ પધરાવેલ જ્યારે પ્રભુજીનું પારણું ઘૃતમણ ૨૦,૦૦૦માં ખેતશી જેઠાભાઈ કુરુવાએ પધરાવેલ. સ્વપ્નાનું કુલ ઘૃત ૫,૩૩,૭૬૫ મણ થયેલ. ભાદરવા સુદ-૬ના દ્વાર ઉઘાડવાનો લાભ મહાવીર સોશ્યલ ગ્રુપના દામજી જાદવજી છેડા પરિવાર તેમજ મણિલાલ હંસરાજ પરિવારે લીધેલ. ભાદરવા સુદ બીજના સ્વામિ વાત્સલ્ય શ્રી મહિલા હિતવર્ધક મંડળ (ગૃહ ઉદ્યોગ સંચાલિત) તરફથી અને ભાદરવા સુદ છઠના તપસ્વીઓને પારણા તથા શ્રી સંઘને નવકારશી તેમજ બપોરનું જમણ હુબલી મહાજનના પ્રમુખ ભરતભાઈ ભાણજી ખોના તરફથી રાખવામાં આવેલ.




અક્ષયનિધિ તપનો કળશ પધરાવવાનો લાભ શ્રીમતી વિજયાબેન સોનાવાલા પરિવારે લીધેલ આ સિવાય દરરોજ પક્ષાલ પૂજા, આરતી મંગલ દીવો વગેરેના ચડાવામાં જ્ઞાતિજનોએ અનેરો લાભ લીધેલ. પર્વ દરમ્યાન તપશ્ચર્યાઓ નીચે મુજબ થયેલ. સમસ્ત તપસ્વીઓનું બહુમાન કરાયેલ. ૧૧ ઉપવાસ - ચીમનલાલ નાંગશી મોમાયા, ૯ ઉપવાસ - વૈભવ સોમચંદ મોમાયા, ૮ ઉપવાસ - હર્ષિલ ભરત મોમાયા, અક્ષય લક્ષ્મીચંદ મોમાયા, હિતેષ મુલચંદ ખોના, સંજીત કમલેશ પટેલ, ગુંજન અરવિંદ મોમાયા, સૌ.સેજલ ગુંજન મોમાયા, સૌ.કોમલ કેવલ છેડા, સૌ.ખુશી ભાવિશ શાહ, સૌ.ચૈતાલી કપિલ ગાલા.

એ સિવાય છઠ, અઠમ, શ્રેણિક તપ, અક્ષયનિધિ તપ, સમોવસરણમાં ભાવિકોએ ભાગ લીધેલ. ભાદરવા સુદ છઠના વીરચંદ શીવજી ખોના-કાકુભા તથા શ્રી દામજી જાદવજી છેડા ટ્રસ્ટ તરફથી ઉચ્ચ ક્રમાંકે પાસ થયેલ બાલક બાલિકાઓનું બહુમાન કરવામાં આવેલ. સમગ્ર પર્વ દરમ્યાન સમસ્ત ટ્રસ્ટીગણોએ તેમજ યુથ ફોરમના બાળકોએ ખૂબજ મહેનત કરીને પર્વને સુયોગ્ય રીતે સુશોભિત કરેલ.

## શ્રી ક.દ.ઓ.જૈન કાંજુરમાર્ગ સંઘમાં તા.૧૨ સપ્ટેમ્બરના સવારના દ્વારા ઉદ્‌ઘાટન થયું તે પ્રસંગની તસવીરી ઝલક





## વરલી સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી પરહિતપૂર્ણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં શાલીભદ્રની પેટીનો વરઘોડાની તસવીર ઝલકમાં ભાવિકોનો અદમ્ય ઉત્સાહ જોવા મળે છે



## ખાનદેશ પ્રાંતના જલગામ સંઘમાં મહાવીર જન્મવાંચન સાથે ધર્મ આરાધના કરાઈ જેની ભવ્યતા અને ભાવિકોનો ઉત્સાહ ભર્યો સહભાગ તસવીરોમાં જોવા મળે છે





## શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલી દ્વારા આર્ય ગુણ સમય કન્યા જ્ઞાન સત્ર

અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા., અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની દિવ્યકૃપાએ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ની આજ્ઞાથી ડોંબિવલી સંઘના સુવિધિનાથ દરબારે પ.પૂ.સાધ્વીશ્રી પુણ્યોદયશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી વિપુલગુણાશ્રીજી મ.સા.ની પાવન સભર નિશ્રામાં ૧૨ થી ઉપરની બાલિકાઓ માટે સુસંસ્કારના સિંચનાર્થે દિવાળી પર્વના વેકેશનમાં તા.૫ નવેમ્બર શુક્રવારથી તા.૧૦ નવેમ્બર બુધવાર સુધીની પંચ દિવસીય જ્ઞાનસત્રનું આયોજન કરેલ છે. શિબિરના ફોર્મ માટે જાહેરાત આગામી સમય દરમ્યાન થશે. જે ધ્યાન સાથે જાણી લેવી.

## શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસર અને મહાજન ટ્રસ્ટના નવનિયુક્ત ટ્રસ્ટ મંડળમાંથી

શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસર અને મહાજન ટ્રસ્ટના નવી ટર્મ વર્ષ ૨૦૨૧થી ૨૦૨૬ માટે નવા ટ્રસ્ટીઓની નિમણુંક કરાઈ. જેમાં પ્રમુખ તરીકે જવેરભાઈ મુલજી લાલકા, ઉપપ્રમુખ ભરત નારાણજી મૈશેરી, સેક્રેટરી પદે પ્રવીણ ભવાનજી મૈશેરી, ખજાનચી તરીકે રાજેશ મુલજી મૈશેરી, સહ સેક્રેટરી ચાંદની પરેશ લાલકા અને ટ્રસ્ટીઓ તેજસ બંકીમચંદ્ર લાલકા તથા મિતેશ નવીનચંદ્ર લોડાયાની નિયુક્ત કરાઈ છે.

## મોટી ખાવડી સંઘમાં સ્વપ્ન તથા પારણાનું ધૃત ૪૧૯૧૫૯ મણ થયું

ગુજરાત રાજ્યના હાલાર પ્રાંતના મોટી ખાવડી સંઘના શ્રી ચંદ્રપ્રભુ સ્વામીના સાંનિધ્યમાં તા.૮ સપ્ટેમ્બર બુધવાર મહાવીર સ્વામી જન્મ મહોત્સવ નિમિત્તે યોજાયેલા સ્વપ્ન તથા પારણાના ધૃત ઉછમણીનું ટોટલ ધૃત ૪,૧૯૧૫૯ મણ થયેલ.

# ભાંડુપ સંઘમાં પૂજ્ય સાહેબોના સાંનિધ્યમાં સંવત્સરી પ્રતિક્રમણ કરી સૌ ધન્ય થયાં

પ.પૂ.ગુરૂદેવશ્રી ઉદયરત્નસાગરજી મ.સા. એવં યુવા મુનિ પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ના સાંનિધ્યમાં તા.૧૧ સપ્ટેમ્બર શનિવારે સંવત્સરી પ્રતિક્રમણ કરવા માટે ઈન્દોર, ગંજબાસોદા, ઉદયપુર, બેલ્લારી, આકોલા, મૂર્તિજાપૂર, મુલુંડ ઈસ્ટ તથા વેસ્ટ, વડાલા, ઘાટકોપર, થાણા, વિક્રોલી, અરોલી, ભાંડુપ કેડીઓ સંઘ, ભાંડુપ કેવીઓ સંઘ, ડોંબિવલી વિગેરે અનેક નગરોથી અચલગચ્છના શ્રાવકો-યુવાઓ પ્રતિક્રમણ કરવા ગુરૂદેવના સાંનિધ્યમાં પધારયા હતા. પ્રતિક્રમણની શાસ્ત્રીય વિધિ તથા અર્થ સહિત વિસ્તૃત સમજ સાથે પ્રતિક્રમણ કરી સૌ ધન્ય થયાં હતા. સંઘ વતી સૌની અનુમોદના કરાઈ હતી.

## શ્રી નલિયાવાસી ડોંબિવલી મિત્ર મંડળ આયોજિત ગિરનાર મહાયાત્રા

તા.૬ જાન્યુઆરી ૨૦૨૨ ગુરૂવારથી તા.૧૦ જાન્યુ. ૨૦૨૨ સોમવાર સુધીની ગિરનાર મહાયાત્રાનું આયોજન શ્રી નલિયાવાસી ડોંબિવલી મિત્ર મંડળ દ્વારા કરવાનું નક્કી થયેલ છે. આ માટે શ્રી નલિયાવાસીઓ તેમજ નિયાણી બહેનો પોતાના નામો રૂા.૧૦૦૦ એડવાન્સ સાથે (કુલ રૂા.૨૦૦૦ ભરવાના રહેશે). તા.૨૦ સપ્ટેમ્બર સુધી આધાર કાર્ડની ઝેરોક્સ નકલ સાથે નીચે આપેલ સભ્યો પાસે નામ તથા વિગત નોંધાવી દેવા. વહેલો તે પહેલોના ધોરણે ફક્ત ૧૦૧ નામો લેવામાં આવશે. અમિત ખોના-૯૩૨૧૭૦૫૫૧૧, ચેતન નાગડા-૯૮૨૦૧૦૫૦૭૮. પ્રવાસ કાર્યક્રમ અને તીર્થ સ્થળો. અત્રેથી પ્રસ્થાન તા.૬ જાન્યુઆરી ગુરૂવારના રાત્રે. નાગેશ્વર (રાજકોટની બાજુમાં) જૂનાગઢ-ગિરનાર, જામનગર (ચાંદી બજારના જિનાલયો) અને વીરપૂર અને લાલપર. રીર્ટન પ્રસ્થાન જામનગરથી તા.૯ જાન્યુ. રવિવાર રાત્રે.

ખાસ નોંધ : સંભવિત થર્ડવેવના કારણે તારીખો તેમજ તીર્થોમાં ફેર બદલી થઈ શકે છે. યાત્રા તારીખ પહેલા વેક્સિનના બન્ને ડોઝ લેવા જરૂરી છે.

## નાગપુરમાં શ્રી સુમતિનાથ સ્વામી જૈન મંદિર ચૌકનું નામકરણ સમારોહ યોજાયો

તા.૧૨ સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજે વિદર્ભ પ્રાંતના નાગપુર નગરના રામદાસ પેઠમાં શ્રી સુમતિનાથ દેરાસર પાસેના ચોકનું નામકરણ કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરીના હસ્તે પ.પૂ.આચાર્ય દેવશ્રી હંસકીર્તિસૂરીશ્વરજી મ.સા.ની પાવન નિશ્રામાં થયું. શુભ પ્રેરણા ગચ્છાધિપતિ પ.પૂ. આચાર્ય દેવશ્રી રાજ્યશસૂરીશ્વરજી મ.સા.ની હતી. આ પ્રસંગે માનનીય મેયર દયાશંકર તિવારી, ઉપમેયર મનિષા ધાવડે, સ્થાયી સમિતિ અધ્યક્ષ પ્રકાશ ભોઈર, ગટનેતા અવિનાશ ઠાકરે, નગરસેવક સુનિલ હિરણવાર, ઉજ્વલા શર્મા, સંજય બંગાલે, રૂપા રૉય ઉપસ્થિત રહ્યાં હતા.




## અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘના મોવડીઓ ચૈત્ય પરિપાટી અને પૂજ્ય સાહેબના વંદનાર્થે પધારયા

શ્રી અખિલ ભારત અચલગચ્છવિધિ પક્ષ શ્વેતામ્બર જૈન સંઘના પદાધિકારીઓ, ટ્રસ્ટીઓ તથા કારોબારીનું પ્રતિનિધિ મંડળ ચૈત્ય પરિપાટી અને અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ને વંદન કરવા શ્રી માટુંગા સંઘમાં પધારેલ.




## કાંજુરમાર્ગ સંઘમાં પારણાનો વરઘોડો ભવ્યતાથી થયો





શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સંઘ કાંજુરમાર્ગમાં પ.પૂ.શ્રી તીર્થરત્નસાગરજી મ.સા.ની નિશ્રામાં પારણાનો વરઘોડો ધર્મમય માહોલમાં નીકળ્યો હતો. સંઘના શ્રાવક શ્રાવિકાઓનો અદમ્ય ઉત્સાહ જોવા મળ્યો હતો.

# દેવોની ભૂમિ દેવલાલીના આંગણે શ્રેયસ્કારી બાલિકા સંસ્કાર શિબિરનું આયોજન

મહારાષ્ટ્રના હરિયાળા અને રમણીય નગર દેવોની ભૂમિ તરીકે ઓળખ ધરાવતા દેવલાલી નગરના આંગણે ૧૫ થી ૨૫ વર્ષ સુધીના બાલિકાઓ માટે શ્રેયસ્કારી બાલિકા સંસ્કાર શિબિરનું આયોજન ભાદરવા વદ નોમ બુધવાર તા.૨૯ સપ્ટેમ્બરથી રવિવાર તા.૩ ઓક્ટોબર ભાદરવા વદ તેરસ સુધીનું શ્રી દેવલાલી જૈન શ્વેતાંબર તીર્થ ટ્રસ્ટ દ્વારા કરાયું છે.

શિબિરમાં સોહામણું સાંનિધ્ય પ્રદાન કરશે શ્રી આર્ય કલ્યાણ ગૌતમ નીતિ ગુણ ગુણોદય કલાબ્ધિસૂરિના આજ્ઞાવર્તીની પ.પૂ.સાધ્વીશ્રી મહોદયશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી યશોદયશ્રીજી મ.સા.ના શિષ્યા ડૉ.પ.પૂ.સાધ્વીશ્રી હર્ષનિધિશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી શ્રેયસ્કરાશ્રીજી મ.સા.

સંકુલ પ્રવેશ મંગળવાર તા.૨૮ સપ્ટેમ્બર સાંજે ૪ કલાકે. દરેક વડીલોએ પોતાની લાડલી દીકરીઓને શિબિરમાં મોકલવા આગ્રહ ભરી વિનંતી. જેમને આ તારીખોમાં પોતાની ચોખ્ખાઈ હોય તેમને જ આ ફોર્મ ભરવા ભાવભરી વિનંતી. ગુગલ ફોર્મ લીંક http://bitly.com/SBSSDEVLALI

સંપર્ક સૂત્ર : દીપક સાવલા (બાડા-દેવલાલી)-૯૮૬૯૩૮૮૪૧૨ ઉપર ફોર્મ વોટસએપ દ્વારા તા.૨૦ સપ્ટેમ્બર સુધી મોકલવવા. ફોર્મ પ્રાપ્તિસ્થાન : લાલબાગ-પરેશભાઈ : ૯૮૨૧૦૫૬૪૦૧/૯૩૨૪૧૩૭૭૮૦, ઘાટકોપર પંકજભાઈ-૯૩૨૩૪૪૩૫૨૦, મુલુંડ-મુકેશભાઈ-૯૮૨૦૪૨૨૨૯૧, ડોંબિવલી-અશોકભાઈ-૭૯૭૭૧૨૮૪૭૬, વસઈ-રાજેશભાઈ : ૯૮૧૯૩૬૧૧૩૩, નાલાસોપારા-હેમંતભાઈ:૯૫૨૯૯૦૬૫૫૬, વિરાર-કવિતાબેન:૯૫૬૧૯૦૯૭૮૨, નવી મુંબઈ ચાંદનીબેન:૯૮૩૩૨૨૫૦૫૩. શિબિરના આકર્ષણમાં સંસ્કાર અને સંસ્કૃતિને શણગારતા પ્રવચનો, જિનશક્તિ સાથે નિતનવા કાર્યક્રમો વિવિધ સ્પર્ધાઓ તથા ગેમ શો વિગેરે ભણશો, જાણશો, માણશો અને પામશો. ફોર્મમાં ભરવાની વિગત શિબિરાર્થીનું નામ, ઉંમર, સરનામું, પીનકોડ, વોટસએપ ફોન નં., વડીલોના ફોન નં., શૈક્ષણિક અભ્યાસ ધાર્મિક જ્ઞાન. એડ્રેસ પ્રુફ આધારકાર્ડ ઝેરોક્સ, ફોર્મ ભરનારની સહી, વડીલની સહી, નિયમોનું ચુસ્તપણે પાલન કરીશની બાંહેધરી.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



પ્રેમિલાબેન ગાલા
તા.૫ સપ્ટે.(ઉ.૮૬)
મંજલ-મુલુંડ



ચીમનલાલ મોમાયા
તા.૮ સપ્ટે.(ઉ.૬૧)
બારોઈ-ધુલીયા



નિતીન ફુરુવા
તા.૧૦ સપ્ટે.(ઉ.૬૪)
ગોધરા-મુલુંડ



માણેકજી લોડાયા
તા.૧૪ સપ્ટે.(ઉ.૮૮)
સુથરી-દાદર



સુશિલા મોતા
તા.૪ સપ્ટે. (ઉ.૭૪)
કોઠારા-ડોંબિવલી

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિના મૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**




● મૂળ રતડિયા ગણેશવાળાના હાલે થાણામાં રહેતા દીપ્તિ દેવાંગ વોરાને પ્રતિષ્ઠિત પારિતોષિક દાદાસાહેબ ફાળકે ઈન્ડિયન ટેલિવિઝન એવોર્ડ ૨૦૨૧ એનાયત કરાયો. કચ્છના એક માત્ર મહિલા કોરિયોગ્રાફરને આ એવોર્ડ ફાઈવ સ્ટાર હોટેલ ધ ઓર્કિડ હોટેલમાં યોજાયેલ સમારંભમાં એનાયત કરાયો. તેઓ ૨૦ વર્ષથી સફળ ડાન્સ અને ફેશન કોરિયોગ્રાફર તરીકે નામના જમાવી છે.

● અબડાસા તાલુકાના કોઠારા ગામે હાજી આમધ હાજી મામદ મંધરાએ પોતાની પાસે રહેલી બન્ની નસલની ભેંસનો સોદો ડુમરાના સુમરા જુસબ કાસમને રૂા.૩,૭૦,૭૮૬માં કર્યો હતો. બન્ની નસલની આ મૂલ્યવાન ભેંસ બે ટાઈમનું ૧૪ લિટર દૂધ આપે છે. આટલી મોંઘી કિંમતમાં ભેંસનું વેચાણ થયું હોય તેવું અબડાસા તાલુકામાં સંભવત પ્રથમવાર બન્યું છે.

● કંડલા અને મુંદરા બંદર થકી સમગ્ર પશ્ચિમ રેલવેમાં માલ પરિવહનમાં અગ્રેસર રહેતા અમદાવાદ ડિવિઝન હસ્તક આવતા કચ્છમાં રેલવે દ્વારા માળખાકીય સુવિધા વધારવા માટે અનેક પ્રકલ્પો હાથ ધરાયા છે. ત્યારે હજી વધુ સુવિધા માટે રેલવે પ્રશાસન દ્વારા કચ્છના પ્રવેશ દ્વાર સામખિયાળીથી ગાંધીધામ ૫૦ કિલોમીટર સુધી વધુ બે ટ્રેક પાથરવાની યોજનાને મંજૂરી આપી દેવામાં આવી છે. આ માટે સ્થાનિક પ્રશાસન દ્વારા તૈયારીઓ પણ આરંભી દેવામાં આવી છે.

● અબડાસાના હેરિટેજ વિલેજતેરા વીજ ફીડર હેઠળના ૨૫ ગામમાં લાંબા સમયથી વીજ પુરવઠો અનિયમિત છે. એટલું જ નહીં તળાવની આવ, વથાણ જેવા વિસ્તારમાં આડેધડ ડી.પી. અને વીજ પોલ ઊભા કરવામાં આવતા જાનહાનિનો ભય ઊભો થયો છે. તેરા ફીડર હેઠળ આવતાં ૨૫ ગામને નલિયા ૬૬ કે.વી. પાવર હાઉસમાંથી લાઈન અપાય છે. ગામડાંઓની વીજ લાઈન, વીજ થાંભલા જર્જરિત હોતા વીજ પુરવઠો અનિયમિત બન્યો છે.

● નખત્રાણા તાલુકાના સુમરી રોહા ગામે જીવન સંધ્યા વૃધ્ધાશ્રમમાં જીવનના છેલ્લાં પડાવ પર જીવનની સંધ્યાએ જીવન વ્યતીત કરતાં વૃધ્ધો સાથે નખત્રાણા પોલીસે ઉષ્મા સભર સ્નેહ ભરી સાંજ વીતાવી કોઈક તો આપણું સ્વજન પોતીકા છે તેવો અહેસાસ કરાવતા માનવીય સંવેદનાનો અહેસાસ કરાવ્યો હતો. જિંદગીથી થાકેલા, સાંસારિક તાપ ભોગવી ચૂકેલા માબાપની ઉંમરના જ વૃધ્ધોની જ્યારે પોલીસ આત્મીયજન બની ખબર અંતર હાલ હવાલ પૂછ્યા ત્યારે અશ્રુભીની આંખે લાગણી સભર દ્રશ્યો સર્જાયા હતા.

● આચાર્ય ચંદનાજી મ.સા. તથા સાધ્વી શીલાપીજી મ.સા.ના પ્રેરણાથી વીરાયતન વિદ્યાપીઠ જખણિયા કચ્છ દ્વારા માંડવી તાલુકાના મસ્કા ગામે એન્કરવાળા જનરલ હોસ્પિટલમાં તેમજ મુંદરાની મીમ્સ હોસ્પિટલમાં ઓક્સિજનના પી.એસ.એ. પ્લાન્ટ અપાશે. જે ટુંક સમયમાં કાર્યરત થઈ જશે.

● નખત્રાણા તાલુકાના દશ જેટલા ગામોને સાંકળતા નિરોણા ગામને સબ પોસ્ટ ઓફિસ અને સ્થાનિક બ્રાન્ચ પોસ્ટ માસ્તર નિમવાની રાજ્યના ચીફ પોસ્ટ માસ્તર ઉપરાંત રાજકોટ અને ભુજના વડા તેમજ સાંસદને નિરોણા વેપારી મંડળ તથા સમસ્ત ગ્રામજનોએ રજૂઆત યાદ અપાવી હતી કે કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ નિરોણા ગામ દતક લીધું છે. પાંચથી વધુ કલા ધરાવતા આ ગામના કારીગરોને રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા વિવિધ કલા ક્ષેત્રે એવોર્ડ મળ્યા છે.




# insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.

90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com

**LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA**


SHUBH
DIAMONDS
WARM WELCOME
SHUBH DIAMONDS
Gracefully invites
you with pride and
joy to witness our
blend of enchanting
handcrafted jewellery
at
The Ultimate hub of Jewellery
iijs INDIA INTERNATIONAL JEWELLERY SHOW
PREMIERE 2021
15th To 19th
SEPTEMBER 2021
Venue :
BIEC, BENGALURU
HALL NO : 5
STALL NO :
5X070 I
G. Wt. 26.900
Dia. Wt. 2.28 / 80
G. Wt. 25.800
Dia. Wt. 1.86 / 190
G. Wt. 29.800
Dia. Wt. 2.66 / 190
Rajendra Momaya
98841 49494
કચ્છ શક્તિ
KUTCH-SHAKTI
AWARD WINNER - 2021
-: શુભેચ્છા સહ :- માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)
For Business Queries : Seema : 91 - 98841 90494 , Pratik : 91 - 98848 99494
# 128, Cathedral Road, Chennai - 600 086 , Ph. : 044 - 4314 1444
www.shubhdiamonds.com E.Mail : pratik.mota@shubhdiamonds.com